ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૫-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

# કાળઝાળ ગરમીનું તાંડવ

ઉનાળો હોય એટલે ગરમી તો પડે પણ છેલ્લા કેટલાક દિવસથી ઉત્તર ગુજરાતમાં જે ગરમીનું પ્રચંડ મોજું ફરી વળ્યું છે, તે આગામી વર્ષોના ગ્લોબલ વૉર્મિંગની આગોતરી એંધાણી જેવું છે. ગ્રીન સીટી તરીકે ઓળખાતા પાટનગરનો પારો સાડી તેંતાલીસ ડિગ્રીએ પહોંચી જાય તે એક વિક્રમ ઉપરાંત વિચારણીય બાબત ગણાવી જોઈએ. ઈડર તો અરવલ્લીની ડુંગરમાળાનો પ્રદેશ છે. ડુંગરા તપે એટલે ઉષ્ણાતામાન વધે તે સ્વાભાવિક છે. અહીં ગાંધીનગરમાં કયો ડુંગરો છે? કહેવો હોય તો માણસને પણ ડુંગરો કહી શકાય. મુનશીની મંજરીને કૈલાશ પર્વત સમો દુર્ધર્ષ અને કાલાગ્નિ જેવો દુઃસહ પતિ ખપે છે. એને પાટણના બધા નર વ્હેંતિયા લાગે છે. મંજરીનો વાસનામોક્ષ ન થયો હોત તો બનાવજોગ કે એને એકવીસમી સદીના ગુજરાતની રાજધાનીમાં એનાં ધારાધોરણો મુજબનો 'નર' મળી રહ્યો હોત.

આપણે પાટનગરની ગરમીથી શેકાઈ રહ્યા છીએ એનું એક દેખીતું કારણ તો દિવસે દિવસે પાટનગર સિમેન્ટ કોંક્રીટનું જંગલ બની રહ્યું છે તે. જંગલો કપાતાં જાય છે, ધરતીના પેટાળમાંથી પહેલાં લીલી કુંજાર સમો મોલ પાંગરતો - લચી પડતો એણે ઠેકાણે ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં ઊંચી ઈમારતો ફૂટી રહી છે. અહીં કયારેક સાબરમતી બે કાંઠે વહેતી હશે. અત્યારે એ સૂકીભંઠ રેતીના ઢૂવામાં ફેરવાઈ ગઈ છે. આટલી ગરમી વચ્ચે આપણા રાજનેતાઓ એમની ફુલફલેજ્ડ એસી ચૅમ્બરોમાં પુરાઈને ગુજરાતને દુનિયાનું નંબર - વન સ્ટેટ બનાવવા પરસેવો પાડતાં રહે છે. એ બિચારાઓને ઉનાળાની બપોરે બે ઘડી વામકુક્ષિની પણ મોકળાશ કયાં મળે છે? પરંતુ સચિવાલયના શીતાગાર બહાર આસ્ફાલ્ટના રાજમાર્ગો દિવસે હોય એ કરતાં રાત્રે વધુ પહોળા થઈ જાય છે, દર ત્રીજે મહિને કંઈ ને કંઈ તોડફોડ થતી રહે છે. એ રસ્તા તોડતા અને ફોડતા મજૂર શ્રમજીવી વર્ગને જ ગાંધીનગરની ખરી ગરમીનો અનુભવ થતો હશે. મોટા ભાગનાં લોકો ગરમીની બીકે પોતપોતાનાં ઘોલકાંમાં પુરાઈ જાય છે અને સાંજ પડ્યે શેરડીનો રસ પીવા નીકળી પડે છે ત્યારે પણ અંગ દઝાડતી ગરમી અકબંધ હોય છે. જે લોકોને એસી પોતાસું નથી તે ધાબા પર રાત ગુજારી વૈશાખી પવનની શીતળતા માણી લે છે. ગરમીનો પારો એકધારો ઊંચો રહ્યા કરશે તોય આપણું એમાં શું ચાલવાનું છે? આપણે એટલું જરૂર સાચવીએ કે ઠંડા પીણાં કે ફાસ્ટફૂડ ખાઈ-પીને આપણી તબિયત સાથે ચેડા ન કરીએ. ગાંધીનગરમાં કૉલેરા કે કમળો ન પ્રવેશે એની કાળજી સરકાર અને મહાનગરપાલિકા કરતાં વિશેષ એના સુજ્ઞ-પ્રબુદ્ધ નગરજનોએ જ રાખવી રહી. ઉનાળાની લૂથી બચાવવા સરકાર ન આવે. આપણે જાતે જ એનો પ્રબંધ કરવો રહ્યો. હા, સરકાર અને મહાનગરપાલિકાની પવિત્ર ફરજ છે કે એ નાગરિકોને ગંદા ગોબરા ફાસ્ટફૂડ અને ઠેર ઠેર બિલાડીની ટોપની માફક ફૂટી નીકળેટા શેરડીનાં રસકેન્દ્રો દ્વારા કમળો, કૉલેરા અને ગેસ્ટ્રોએન્ટરાઈટિસનો ભોગ બનતા અટકાવે.

ગરમીના પ્રકોપથી આપણે કાળા માથાનાં માણસો જ બચીએ એટલું પૂરતું નથી. આપણે પર્યાવરણની ચિંતા પણ કરવી ઘટે. પક્ષીઓ માટે પરબ અને શ્રમિકો માટે પગરખાંની ખેરાત કરનારા મહાજનોને સો સો સલામ!

# ગુજકેટ ૨૦૧૩નું પરિણામ આજે જાહેર : ભારે ઉત્સુકતા

## પરિણામ જાહેર થયા બાદ મેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા વિધિવત શરૂ થશે: ગુજકેટ આન્સર કી વેબ પર

અમદાવાદ, તા.૧૯

જેની ઉત્સુકતાપૂર્વક વિદ્યાર્થીઓ રાહ જોઈ રહ્યા છે તે ગુજકેટ ૨૦૧૩નું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયા વિધિવત રીતે શરૂ થશે. ગુજરાતના વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસક્રમમાં સમયસર પ્રવેશ મળે તે માટે રાજ્ય સરકારે કેન્દ્રીય પ્રવેશ સમીતિ દ્વારા પ્રવેશ આપવાનું નક્કી કર્યું છે. ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ પણ વિધિવત રીતે પ્રવેશ માટેની પ્રક્રિયા હાથ ધરી શકશે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગુજકેટના પરિણામ જાહેર કરવાનો માર્ગ મોકળો થયો છે. સુપ્રીમે હાલમાં વચગાળાનો આદેશ જારી કરીને કહ્યું હતું કે આ વર્ષે ગુજકેટના પરિણામના આધાર ઉપર જ પ્રવેશ અપાશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય પ્રવેશ સમિતી દ્વારા મેડીકલ, ડેન્ટલ, ફીજીયોથેરાપી, આયુર્વેદ, હોમીયોપેથી, નર્સીંગ, પ્રોસ્થેટીક્સ, નેચરોપેથી અને ઓડીયોલોજી અભ્યાસક્રમોનાં સ્નાતક કક્ષાએ પ્રવેશ અંગેની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં કુલ ૧૦૮૦ બેઠકો, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સોસાયટીની ૫ મેડીકલ કોલેજોમાં કુલ ૭૫૦ બેઠકો મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૩ મેડીકલ કોલેજોમાં કુલ ૪૫૦ બેઠકો અને ૪ ખાનગી મેડીકલ કોલેજોની કુલ ૫૦૦ બેઠકો, ઉપરાંત ૨ સરકારી ડેન્ટલ કોલેજોમાં કુલ ૨૦૦ બેઠકો, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સોસાયટીની ૧ ડેન્ટલ કોલેજમાં કુલ ૧૦૦ બેઠકો, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૧ ડેન્ટલ કોલેજમાં કુલ ૧૦૦ બેઠકો અને ૮ ખાનગી ડેન્ટલ કોલેજોમાં કુલ ૭૪૦ બેઠકો ઉપર તેમજ ફીઝીયોથેરાપીની ૧૩૨૫ બેઠકો, બીએસસી પેરામેડીકલ કોર્ષની કુલ ૧૪૦ બેઠકો સાથે કુલ ૮૯૫૦ બેઠકો ગુજરાત રાજ્યમાં મેડીકલ પેરામેડીકલ કોર્ષ માટે ઉપલબ્ધ છે જેની પ્રવેશ પ્રક્રિયા મેરીટના ધોરણે હાથ ધરાશે.

મેડીકલ પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ ધોરણ-૧૧ અને ૧૨ ના ચાર સેમેસ્ટરના ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયોની થીયરીના કુલ ગુણના ૬૦ ટકા અને ગુજકેટ ૨૦૧૩ના કુલ ગુણના ૪૦ ટકા ના ધોરણે પ્રવેશ અપાશે. આ ઉપરાંત ચાલુ વર્ષે મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાયેલ એન્ટ્રન્સ પરીક્ષાઓના પરીણામ જાહેર કરવા સુપ્રિમ કોર્ટ દ્વારા પણ પરવાનગી અપાઈ છે તે મુજબ જ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે આ પ્રવેશ અંગેની કાર્યવાહી કેન્દ્રિય પ્રવેશ સમિતી બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતેથી હાથ ધરાશે. આવતીકાલે જાહેર થનાર પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

ગુજકેટની પરીક્ષા ૯ મેના રોજ લેવામાં આવી હતી. ગુજકેટની પરીક્ષાના આન્સરકી બોર્ડની વેબસાઈટ ઉપર મૂકવામાં આવી ચૂકી છે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ્ગુ.પ્સ્જીહ્ન.ષ્નિ ઉપર જઈને આન્સર-કી જોઈ શકાશે. વિદ્યાર્થીઓ આન્સર-કી સાથે પોતાના જવાબોને સરખાવીને પોતાના સંભવિત માર્કસ અંગે અનુમાન લગાવી શકે છે.

# સમર કેમ્પની સફળતા બાદ પૂજન ડાન્સ ક્લાસ દ્વારા એરોબીક્સ અને ઝુમ્બા ફીટનેશ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના પૂજન ડાન્સ ક્લાસીસ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમર કેમ્પ યોજાયો હતો અને આગામી ૨૨મીઅને૨૩મીમે-૨૦૧૩ દરમિયાન એરોબીક્સ તેમજ ઝુમ્બા ફીટનેશ ફી વર્કશોપ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે તેમ સંસ્થાના પ્રમુખ પ્રજ્ઞાબેન ગજ્જરે જણાવ્યું છે.

પૂજન ડાન્સ ક્લાસીસ દ્વારા ઉનાળાના વેકેશનમાં બાળકો નીતનવુ શીખે અને સંગીતમાં રસ કેળવે તે હેતુથી ૧૩મી એપ્રિલથી નાના બાળકો તેમજ ટીન એજર માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૮૦ બાળકોને પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા કીડ્સ એરોબિક્સ, હીપહોપ, કન્ટેમ્પરરી, બોલીવુડ ફ્રી સ્ટાઈલ તેમજ ટ્રેડીશનલ ડાન્સની તાલીમ આપવામાં આવી હતી. બાળકોએ ખૂબ જ રસપૂર્વક ભાગ લઈને કેમ્પને સફળ બનાવ્યો હતો. સમર કેમ્પની સફળતાને ધ્યાને લઈ પૂજન ડાન્સ ક્લાસીસ દ્વારા એરોબીક્સ તેમજ ઝુમ્બા ફીટનેસ પ્રોગ્રામનો ફ્રી વર્કશોપ તા. ૨૨ અને ૨૩ મે-૨૦૧૩ના રોજ પ્લોટ નં. ૧૧૧૦/૧, સેક્ટર-૨-ડી, ગાંધીનગર ખાતે યોજાશે. સવારે ૭.૩૦ થી ૮.૩૦ અને ૧૦.૩૦થી ૧૧.૩૦ દરમિયાન યોજાનાર એરોબીક્સ અને ઝુમ્બા ફીટનેસ પ્રોગ્રામમાં કોઈપણ ઉંમરની વ્યક્તિઓ ભાગ લઈ શકશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી જે તે ઉમેદવારોએ પોતાના નામનું રજીસ્ટ્રેશન સંસ્થા ઉપર કરવા જણાવ્યું છે.

# આવો, અંગ્રેજી શીખીએ

- કુ. ચેતના બુચ

મિત્રા, આપણે અત્યાર સુધીમાં અંગ્રેજી ભાષાના લેખન માટે **articles** થી લઈને **Clause & phrase** સધીના વ્યાકરણના જુદાં જુદાં અંગોનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત વ્યાકરણના ૧૨ કાળનો અભ્યાસ પણ કર્યો. હવે, ભાષાની અભિવ્યક્તિ લેખન બાદ બોલવાની પણ છે. પરંતુ જે ઉત્તમ શ્રોતા હોય તે વક્તા બને, માટે આપણે આ વિભાગમાં ઉપરોક્ત વ્યાકરણના અંગોના અભ્યાસની મદદથી થોડુંક સાંભળવાની એટલે કે અંગ્રેજી સમાચારને સાંભળવાની પણ ટેવ પાડીશું. તો સારૂં બોલવા **(English Speaking)** માટે વાકયોમાં રૂપાંતર કરવાનો પણ અભ્યાસ કરેલો. પરંતુ રોજબરોજ આપણે જે વાતચીત કરતા હોઈએ છીએ તેવા સંવાદ **(Conversation)** નો અભ્યાસ આ કૉલમમાં આપણે કરીએ તેના થોડાંક નમૂના અત્રે પ્રસ્તુત કરીએ.

**Conversation - 1**

**A : Hello, Ronak!**

**B : Hello, Samir! How are You?**
(તું કેમ છે?)

**A : I am Fine. Thanks.**
હું મજામાં છું. આભાર.

**B : Is this your Book?**
શું આ ચોપડી તારી છે?

**A : Yes, This is my book.**
હા, આ ચોપડી મારી છે.

**B : How many books are in the cupboard?**
કબાટમાં કેટલી ચોપડી છે?

**A : There are 95 books in the cupboard?**
કબાટમાં ૯૫ ચોપડીઓ છે.

**B : Do you like to read story-books?**
શું તને વાર્તાની ચોપડીઓ વાંચવી ગમે છે.

**A : Yes, I Like to read story books very much.**
હા, મને વાર્તાની ચોપડીઓ વાંચવી ખૂબ જ ગમે છે.

**B : Very nice, O.K. What is that on the table?**
ખૂબ સરસ પેલા ટેબલ પર શું છે?

**A : It is a C.D player**
તે સી.ડી.પ્લેયર છે.

**B : Have you Find o to listen music?**
શું તને સંગીત સાંભળવાનું ગમે છે?

**A : Yes, Occassionally, I listen it.**
હા, પ્રસંગોપાત હું સાભળું છું.

**B : O.K. Good-bye - Samir.**

મિત્રો, આજે પરિચયાત્મક શબ્દોનાં વિભાગ સ્વાદ - ગંધ **(Taste - Smell)** વિષયક શબ્દોનો પરિચય મેળવીએ.

**Pungent** - પંજેટ - તીખું
**Acrid** - એક્રિડ - ખૂબ તીખું
**Sour** - સોર - ખાટું
**Rancid** - રેન્સીક - ખોરૂં

# અપનોં કી કિંમત સપનોં સે જયાદા હોતી હૈ... એવા સાર વાળી 'ઔરંગઝેબ' આ સંસારની જેમ અસાર છે !!!

હિન્દી ફિલ્મોમાં 'ડબલ રોલ' હોય એટલે એક વાત તો નક્કી કે તેમાંનું એક પાત્ર ચબરાક -




હોંશિયાર અને બીજું બબૂચક અથવા તો નબળું - ડાહ્યું - કહ્યાગરું... સિનેમાના સો વર્ષ થઇ ગયા પરંતુ 'હમદોંનો' અને 'રામ ઔર શ્યામ'થી શરૂ થયેલી આ ફોર્મ્યુલા 'ઔરંગઝેબ' સુધી તો ચાલુ જ રહી છે. 'ડોન', 'સીતા ઔર ગીતા', 'ચાલબાઝ' અને 'ડુપ્લીકેટ' જેવી અનેક ફિલ્મોની માફક 'ઔરંગઝેબ'માં પણ એક અર્જુન કપૂર બેડ બોય છે અને બીજો અર્જુન કપૂર ડાહ્યો - કહ્યાગરો અને હોંશિયાર છે. ડબલ રોલ વાળી અનેક ફિલ્મો જેવી 'ઔરંગઝેબ' પણ બોની કપૂર અને મોનાના સુપુત્ર 'ઇશકજાદે' વાળા અર્જુન કપૂરને ડબલ રોલમાં રજૂ કરતી ચીલાચાલુ છતાં થોડી અટપટી ફિલ્મ છે.

ઓડિયન્સને સિનેમાહોલ સુધી ઢસડી લાવવા માટેનાં તમામ ઉપાયો માર્કેટીંગના માસ્ટર યસરાજ ફિલ્મ્સ અને નિર્માતા આદિત્ય ચોપરાએ કર્યા છે. અર્જુન કપૂર સાથે હિરોઇન તરીકે 'નિકાહ' ફિલ્મથી રાતોરાત ભારતભરમાં પ્રખ્યાત થઇ ગયેલી પાકિસ્તાની અભિનેત્રી - ગાયિકા સલમા આગાની સુપુત્રી સાશેહ આગા છે. સાશેહ આગાની આ પહેલી ફિલ્મ છે. પરંતુ આ સિવાયની સ્ટાર કાસ્ટ પ્રેક્ષકોને રસ પડે એવી છે; જેમ કે રિશીકપૂર, જેકી શ્રોફ, અમૃતા સિંઘ, દક્ષિણ ભારતીય પૃથ્વીરાજ સુકુમારન, દિપ્તી નવલ અને સિકંદર ખેર. ફિલ્મનું ટાઇટલ 'ઔરંગઝેબ' પણ કુતૂહલ પ્રગટાવનારૂં છે. દિગ્દર્શક અને ફિલ્મના લેખક અતુલ સબરવાલે 'ઔરંગઝેબ' શિર્ષક માટે ફિલ્મમાં એક રેફરન્સ આપ્યો છે તે એ છે કે ઔરંગઝેબ જેમ પોતાના પિતાના પતનનું કારણ બન્યો હતો, તેમ અર્જુન કપૂર પણ ફિલ્મમાં પોતાના પિતાનું પતનનું કારણ બને છે... ટૂંકમાં 'ઘર કા ભેદી લંકા ઢાયે...' પણ રાખી શકાતું હોત!!! 'નિકાહ'માં નખ-શીખ પડદામાં રજૂ થયેલ સલમા આગાની સુપુત્રી સાશેહ આગાએ નામ પ્રમાણે કોઇ શેહ કે શરમ રાખ્યા વિના નખથી શીખ સુધીનું એકેય અંગ પરદામાં રાખવાની પરવાહ નથી કરી. આ તમામ બાબતો પ્રેક્ષસોને સિનેમા હોલ સુધી લાવી તો શકશે, પરંતુ હોલમાં બેઠેલો પ્રેક્ષક થોડી મિનિટોમાં જ હલહલી જાય છે, ખળભળી જાય છે...!

અત્યારના ગુડગાંવની પશ્ચાદભૂમાં ફિલ્મની વાર્તા આકાર લે છે. ગિતિકા કાંડ વાળા ગોપાલ ગાંડા ગાંડા થયા હોય તો તેના મૂળમાં ગુડગાંવનો વિકાસ છે. દિલ્હીને અડીને આવેલા એક નાનકડા ગામ ગુડગાંવનો જે ઝડપે વિકાસ છે. દિલ્હીને અડીને આવેલા એક નાનકડા ગામ ગુડગાંવનો જ ઝડપે વિકાસ થયો તેમાં રિયલ એસ્ટેટ ડેવલોપર્સ ન્યાલ થઇ ગયા. રાજકીય સત્તાની ઓથમાં પૈસાદાર વર્ગે ગુડગાંવનો સોથ વાળ્યો. ગોપાલ કાંડા જેવા ઘણા ટપોરીઓ એરલાઇન્સના માલિકો થઇ શક્યા હોત તો તેના મૂળમાં ગુડગાંવનો વિકાસ છે.

માણસ પાસે બેમાંથી એક વસ્તુનો હોવી જ જોઇએ - મોટી રાજકીય તાકાત અથવા તો બેસૂમાર પૈસો. આવી માન્યતા સાથે જીવતા પોલીસ ઓફિસર રિશીકપૂરનો આખો પરિવાર પોલીસમાં છે. તે પોતાના પાવરનો ઉપયોગ કરીને વધુ ને વધુ શક્તિશાળી થવા મથે છે, તો સામે રિયલ એસ્ટેટ ડેવલોપર જેકી શ્રોફ ગુનાખોરીની સહારે મોટું સામ્રાજય ઊભું કરી શક્યો છે.

જેકી શ્રોફ અને તન્વી આઝમીના બે સંતાનો અજય અને વિશાલ. બંને ભૂમિકામાં અર્જુન કપૂર. બંને ભૂમિકામાં અર્જુન કપૂર. પતિના પરાક્રમોથી ત્રાસેલી પત્ની - તન્વી આઝમી પોલીસ ઓફિશરની ખબરી બને છે, પછી ખબર નહીં કેમ તેનાં પ્રેમમાં પડે છે, પછી પોતાના એક પુત્ર વિશાળ - અર્જુન કપૂરને લઇને ઘર છોડી દે છે. બીજો અર્જુન કપૂર - અજય પિતા જેકી શ્રોફ પાસે જ રહી જાય છે.




પછી વાર્તા ઘણી અટપટી છે. તેનું વર્ણન કરતાં - સમજાવતાં અનુસંદાનો ઓછા પડે તો પણ ટપ્પો પડે તેમ નથી. ફિલ્મ જોયા પછી પણ બધું સમજાઇ જાય તેની કોઇ ગેરન્ટી નથી, એટલે આટલેથી જ છોડો...

આખી ફિલ્મ આમ તો સાઉથના નિવડેલા - વખણાયેલા અભિનેતા પૃથ્વીરાજ સુકુમારનના પરિપેક્ષ્યથી દર્શાવાઇ છે. એટલે આમ જોઇએ તો અર્જુન કપૂર કરતાં પણ તેની ભૂમિકા વધુ દમદાર છે. પૃથ્વીરાજે સારો અભિનય કર્યો છે. 'ઇશકજાદે' પછી અર્જુન કપૂરની ભલે આ બીજી ફિલ્મ હોય પરંતુ 'ઔરંગઝેબ' માં તેનો અભિનય અને ભૂમિકા

**REAL VIEW**

'ઇશકજાદે'નું એક્ટેન્શન જ લાગે...'અગ્નિપથ' પછી રિશીકપૂરને વિલનની ભૂમિકામાં ગોઠી ગયું લાગે છે. આ ફિલ્મમાં પોલિસ ઓફિસર રવિકાન્તના પાત્રમાં રિશી કપૂરે જબરદસ્ત અભિનય કરીને પોતાની નેગેટીવ ભૂમિકા અસરકારક રીતે ભજવી છે. 'હિરો' ના જેકી શ્રોફને આવી ભૂમિકામાં જોવાનું મન અને હૃદય બંનેને સારૂં નથી લાગતું. સૈફ અલી ખાનના પ્રથમ પત્ની અમૃતિ સિંગનું પાત્ર નિરા રાડીયાની યાદ અપાવનારૂં પાત્ર છે. 'ઔરંગઝેબ' માં તેનું નામ પણ 'નીના' રાખવામાં આવ્યું છે, જે ખૂબ જ સૂચક લાગે છે. અનુપમ અને કિરણ ખેરના સુપુત્ર સિકંદર ખેરે પણ રિશિકપૂરનાં પોલીસ ઓફિસર પુત્ર - 'દેવ' ના પાત્ર ને સરસ નિભાવ્યું છે. પહેલી ફિલ્મ હોવા છતાં પણ સાશેહ આગાના ભાગે સશક્ત ભૂમિકા આવી નથી. 'ઔરંગઝેબ' માં સાશેહના અભિનય કરતાં તેના ભીનાં શરીરને વિશેષ એક્સપોઝર મળ્યું છે. ટૂંકમાં બીજા શક્તિશાળી અભિનેતાઓનાં સશક્ત અભિનય નીચે અર્જુન કપૂર અને સાશેહ આગાનો નબળો અભિનય નભી ગયો છે.

લેખક તરીકે લખેલી અત્યંત અટપટી વાર્તાને અતુલ સબરવાલ દિગ્દર્શક તરીકે માંડ-માંડ ન્યાય આપી શક્યા છે. ઘણા પ્રસંગો અને માત્ર સંવાદો દ્વારા સૂચવાતો ભૂતકાળ ભુલભુલૈયામાં નાખે છે. ખૂબ સજાગ રહીને ન જુઓ તો ઘણા સાંધા જડે તેમ નથી.

અમાર્ત્ય રાઉત અને વિપિન મિશ્રા બે સંગીતકારો છે, પરન્તુ 'ઔરંગઝેબ' માં એક પણ ગીત એવું નથી જે સિનેમાગૃહના 'એક્ઝીટ' સુધી પણ સાથે આવે. આમ તો ગીત ક્યારે આવી ને જાય તેની પણ નોંધ રહેતી નથી.

સિનેમેટોગ્રાફી, એડીટીંગ અને ટેકનીક પણ સામાન્ય કક્ષાના છે. અર્જુન કપૂરના ડબલરોલ વાળી આ ફિલ્મમાં બે અર્જુન કપૂર એક જ છે ફ્રેમમાં હોય એવા ત્રણ દૃશ્યો છે. દિગ્દર્શક અતુલ સબરવાલે આ દૃશ્યો કેમેરાથી ઇન - કેમેરા ટેકનીકથી શૂટ કરવાનો આગ્રહ રાખ્યો હોવાથી ખૂબ જ સહજ અને પરફેક્ટ લાગે છે.

'ઔરંગઝેબ'ના કેટલાક સંવાદો અસરકારક છે. 'અપનોં કી કિંમત સપનોં સે જયાદા હોતી હૈ...' (સપનાં કરતાં આપણા પોતાના માણસનું મૂલ્ય વધુ હોવું જોઇએ) એવા સાર વાળી ફિલ્મ 'ઔરંગઝેબ' આમ તો આ સંસારની જેમ અસાર છે.

એ રીતે તો આ ફિલ્મમાં જરાયે સાર નથી...! સ્ટારકાસ્ટ અને ટાઇટલથી કે પછી સાશેહ આગાની લોભ-લાલચમાં આવી ગયા તો પસ્તાવો... પછી કે ટો નંઇ...!!!